# કવિતામાં તત્ત્વબોધ

અનુભૂતિઓની વ્યાપકતામાંથી ઉદ્‌ભવેલું અને એકત્વ પામેલું સંવેદન તે ‘તત્‌’, ‘તત્ત્વ’, કાવ્યાત્મક રીતિઓથી તે કવિતામાં રૂપાંતરિત થાય છે. આ વેદન ઇન્દ્રિયગમ્ય હોય અને તે ઇંદ્રિયાતીત પણ હોય; એક પ્રકારની દુર્બોધતા (ગૂઢતા પણ કહી શકીએ) એની સાથે સંકળાયેલી રહે, તો ક્યારેક Paradox, irony જેવી બૌદ્ધિક યુક્તિઓ દ્વારા પ્રકટ કરવામાં આવે. આમ ‘metaphysics’ – ‘તત્ત્વ’ સંજ્ઞાથી કશુંક થોડુંક બૌદ્ધિક એવું ધ્વનિત થાય છે. કવિનું સમ્યગ્‌દર્શન મોટે ભાગે અનુરૂપ ટૅક્‌નિક દ્વારા વસ્તુનિષ્ઠ (objective) રૂપ પામે છે. કવિતા અને તત્ત્વનું સાયુજ્ય Odour of a Rose – ગુલાબની સુગંધની અનુભૂતિ કરાવે છે. ક્યારેક વિશિષ્ટ અનુભૂતિની ‘trance’માં જેને આપણે ‘પરા’ વાણી કહીએ છીએ તે આવિષ્કૃત થાય. તેમાં કોઈ કલ્પન-અલંકાર ના હોય અને છતાં એ નર્યું કથન ઊંચી કવિતા હોય. સર્જક આનંદ, વિષાદ, પ્રેમ, માનવતા, માનવ-ગૌરવ કરતાં સંવેદનોને ગહનપણે અનુભવ-વિષય બનાવે છે અને કાવ્યકળાની કુશળતાથી શબ્દસ્થ કરે છે. કવિતામાં ઢળાયેલાં આ સંવેદનોનો બોધ ભાવક-ચિત્તમાં ઊપસે છે.

‘Metaphysics’ – તત્ત્વ-સંજ્ઞાની સાથે જોડાયેલી અંગ્રેજી કવિતાની થોડી વાત કરવી જોઈએ. ૧૭મી સદીના પૂર્વાર્ધમાં અંગ્રેજી સાહિત્યના કવિઓના એક સમૂહને ‘Metaphysical Poets’ તરીકે ઓળખવામાં આવે છે. આ કવિઓમાં અગ્રણી જ્હૉન ડન છે;

અન્ય કવિઓ જ્યૉર્જ હર્બર્ટ, એન્ડ્રુ માર્વેલ વગેરે છે. તેમણે તેમનાં કાવ્યોમાં પ્રેમ, મૃત્યુ, ક્ષણભંગુરતા, ધર્મ જેવા તાત્ત્વિક વિષયો લીધા છે. તેમની કાવ્યરીતિમાં conceit, irony, paradoxનો વિનિયોગ હોવાથી તેમાં બૌદ્ધિકતા અને સાથે દુર્બોધતા પ્રવેશે છે. તે સમયના કેટલાક સમીક્ષકોએ તેમને માટે પ્રયોજાયેલી આ mataphysical સંજ્ઞાને ભ્રામક ગણી છે. જ્હૉન ડ્રાયડને કવિ ડનની પ્રેમકવિતામાં પ્રયોજાયેલી વૈજ્ઞાનિક સંદર્ભોની ચતુરાઈને લક્ષ્ય બનાવી પહેલી વાર વ્યંગમાં metaphysical સંજ્ઞા આપેલી. પછીથી ડૉ. જ્હોનસન એ કવિઓની imageryની જટિલતાને (the most heterogeneous ideas are yoked by violence together – એમ કહેલું) કારણે ટીકારૂપે તેમને માટે metaphysical સંજ્ઞા પ્રસ્થાપિત કરે છે. લગભગ બે સદીઓ પછી ૨૦મી સદીના આરંભે કવિ ટી. એસ. ઍલિયટે તેમની આ ક્ષમતા (potentiality)ને કારણે જ તેમનો મહિમા કર્યો અને આધુનિકતાવાદી કવિતામાં આ કાવ્યરીતિનો સમાવેશ કરે છે. ડનના એક કાવ્યને તપાસીએ : કાવ્યનું શીર્ષક છે :

*'A Valediction : forbidding mourning'*

બે પ્રેમીઓ એકબીજાથી દૂર થયા છે, પણ શોક નથી કરવાનો. કવિએ કેવી રીતે તેઓ જોડાયેલા રહી એકત્વ પામે છે તેનું વિજ્ઞાનમાંથી કલ્પન લઈ આલેખન કર્યું છે; તેમાં વિચારનું ભાવગત આકલન થયું છે – (emotional apprehension of thought) કવિની સંયોજનશક્તિ પણ જોઈ શકાય છે :

*Our two souls therefore, which are one,*
*Though I must go, endure not yet*
*A breach, but an expansion,*
*Like gold to aery thinness beat,*

*If they be two, they are two so*
*As stiff twin compasses are two*
*Thy soul the fixed foot, makes no show*
*To move, but doth, if th' other do.*

કમ્પાસના બે પાયાને બે પ્રેમીઓ સાથે સરખાવી એમનાં પારલૌકિક ઐક્યના સાતત્યની ખાતરી કરાવે છે. કલ્પનને આખા વર્તુળની પ્રક્રિયા સુધી લઈ જાય છે – Thy firmness makes my circle just / and makes me end, where I began.

જ્હૉન ડન Holy Sonnetsમાં મૃત્યુ, સ્વર્ગ, નરક પરના ચિંતનને નિરૂપે છે. તેમનું ઘણું જાણીતું કાવ્ય Death be not proud મૃત્યુની આગવી મીમાંસા પ્રકટ કરે છે :

*One short sleep past, we wake eternally*
*And death shall be no more, Death, thou shalt die.*

ઍન્ડ્રુ માર્વેલ 'The Garden' કાવ્યમાં મહત્ત્વાકાંક્ષાઓ અને દુન્યવી બાબતોથી ઉન્મુખ થઈ શાતા/સમતાનો અનુભવ થાય છે તેને નિર્દેશે છે : ફૂલોની 'સમત્વ'ની હારમાળામાં ગૂંથણી થાય છે :

*... all flowers and all trees do close*
*To weave the garlands of Repose*

કાવ્યની ગતિ અંતર તરફની, ચૈતસિક સ્થિતિઓ તરફની છે –

બાહ્ય-દશ્ય જગતને નકારી – 'nothing' ગણી કવિ વિશ્વના રૂપાંતરિત સ્વરૂપને નિહાળે છે : 'green'માં સંકેત મળે છે :

*Annihilating all that's made*

*To a green thought in a green shade...*

કાવ્યને અંતે દિવ્ય પ્રેમભર્યો ચિંતનનો માર્ગ સૂચિત કરે છે.

વિશ્વદર્શનની વિભાવના અને તેમાં માનવચૈતન્યની ભૂમિકાથી પ્રેરિત દાન્તેની 'The Divine Comedy' એના વ્યાપક અર્થમાં 'metaphysical' છે. કવિ ડન દાન્તેની એ વિશાળ વ્યાપક દષ્ટિએ 'metaphysical' કહેવાય નહીં, પરંતુ ડનની તાત્ત્વિક વિદ્વત્તા અને મધ્યકાલીન ભૌતિક વિજ્ઞાનની તેમ જ મનોવૈજ્ઞાનિક કુતૂહલતાને કારણે તે 'metaphysical' સાથે ગાઢ અનુબંધ તો ધરાવે છે.

કવિ રવીન્દ્રનાથનાં કાવ્યોમાં પણ 'તત્ત્વ'નું સંવેદન અનેક સ્વરૂપે આવિષ્કૃત થયું છે. તત્ત્વચિંતક જીવાત્મા-પરમાત્મા વચ્ચેના

અનુબંધ દ્વારા તત્ત્વની વિચારણાનું નિરૂપણ કરે છે, અને એ વિશેની સંભાવનાઓને કોઈ પદ્ધતિથી (theory) મૂકી આપે છે. રવીન્દ્રનાથ એ અર્થમાં દાર્શનિક કે તત્ત્વચિંતક નથી. જીવનમાં 'પરમ'ને વિધવિધ રૂપે અનુભવતાં-અનુભવતાં તે તેની ઝાંખી પામે છે. કવિની આ શોધ ઘણી વહેલી શરૂ થઈ છે. એક વિશ્લેષકના શબ્દોમાં :

*"જીવાત્મા તીર્થયાત્રા આરંભ કરિયાછિલો 'સોનાર તરી'તે,*
*પૂજા કરિલો 'નૈવેદ્યે', પારે પોછિયાછિલો 'ખેયા'તે,*
*તાહાર પરે તીર્થરાજેર ચરણે સમર્પણ કરિલો 'ગીતાંજલિ',*
*એવં તાહાર કંઠે અર્પણ કરિલો 'ગીતિમાલ્ય',*
*'ગીતાલિ' તે પ્રિયમિલનેર સાર્થકતાર સવિસ્તર સૂરઈ પ્રધાન."*

અનુભૂતિના એક તબક્કે કવિએ આ 'પરમ'ને 'જીવનદેવતા' કહ્યો છે. કવિનો માર્ગ એમનો પોતાનો છે; એ માર્ગે ધરતી પર જ રહીને 'આનંદ'ની અનુભૂતિ કરવાની છે – 'અસંખ્ય બંધન માઝે મહાનન્દમય મુક્તિર સ્વાદ' પામવાની વાત છે. કવિ એક કાવ્યમાં અનુભૂતિને અદ્ભુત રીતે મૂકે છે :

*એકાધારે તુમિઈ આકાશ, તુમિ નીડ,*
*હે સુન્દર, નીડે તવ પ્રેમ સુનિબિડ...*
*પ્રતિ ક્ષણે નાના વર્ણે નાના ગન્ધે ગીતે*
*મુગ્ધ પ્રાણ વેષ્ટન કરે છે ચારિ ભિતે...*

કવિ ચૈતન્ય-સ્વરૂપ આકાશનો મહિમા કરે છે – તે અનંત અપાર છે, અને વળી એ જ પ્રેમ-ઉષ્માના પ્રતીક સ્વરૂપ 'નીડ' છે, ચારે તરફથી એનો ગાઢ પ્રેમ પ્રાણને ઘેરી વળે છે. ધરતી પર ઉષા ઊઘડે છે અને સંધ્યા ખેતરો પર લહેરાય છે, પણ વિસ્તરેલું આકાશ પ્રકાશની આભા માત્ર છે, તેને : 'વર્ણ નાઈ, ગંધ નાઈ - નાઈ નાઈ વાણી,' કાવ્યને અંતે આમ ઉપનિષદનો ઉદ્ઘોષ સંભળાય છે – યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ. – રસો વૈ સઃ – રસ દ્વારા એ તત્ત્વ અનુભવાય છે, જ્ઞાન કે વાણીથી નહીં. રસ તે આનંદમય ચિત્તની આસ્વાદન પ્રક્રિયા છે.

૧૯૦૧થી ૧૯૧૦નો સમયગાળો રવીન્દ્રનાથના જીવનમાં સ્વજનોનાં મૃત્યુની વ્યથાથી છવાયેલો છે. નાના દીકરા શમીન્દ્રનું

૧૯૦૭માં મૃત્યુ થાય છે ત્યારે કવિ ઊંડેથી હલી જાય છે, પણ ત્યારેય એક મિત્રને પત્રમાં લખે છે : ‘હજી દુઃખો આવશે તે માથે ચઢાવીશ. હું હાર માનવાનો નથી.’ અને કવિ એક કાવ્યમાં આપણી સમક્ષ મૃત્યુંજય રૂપે આવે છે :

*જીવને જત પૂજા હલો ના સારા*
*જાનિ હે જાનિ તાઓ હયનિ હારા*
*જે ફૂલ ના ફૂટિતે, ઝરેછે ધરણીતે*
*જે નદી મરુ પથે હારાલો ધારા*
*જાનિ હે જાનિ તાઓ હયનિ હારા...*

(જાણું છું કે જીવનમાં જેટલી પૂજા પૂરી ન થઈ તે પણ ખોવાઈ ગઈ નથી, જે ફૂલ ખીલ્યા વગર ધરતી પર ખરી પડ્યું છે, જે નદી રણમાં પોતાનો પ્રવાહ ખોઈ બેઠી છે તે પણ ખોવાઈ ગઈ નથી.)

મૃત્યુના દુઃખને અતિક્રમી, જીવનમાં હજુય ઘણું રહ્યું છે એવો આશાનો સૂર પ્રકટ કરે છે. આઘાતની પ્રતિક્રિયામાં જગતની કોઈ કટુતાનો કે નિઃસારતાનો બોધ નહીં, પણ વિધેયાત્મકતાનો બોધ છે. ‘ભાષા ઓ છંદ’ કાવ્યમાં સર્જનપ્રક્રિયા વિશે જે સંકેત કરે છે તે તેમનું જાણે આત્મકથન બને છે :

*અલૌકિક આનંદેર ભાર*
*વિધાતા જાહારે દેય, તાર વક્ષે વેદના અપાર*
*તાર નિત્ય જાગરણ, અગ્નિસમ દેવતાર દાન...*

વિધાતા સર્જકને રચનાનું વરદાન આપે છે, પણ એ દાન અગ્નિ સમાન છે; આનંદની પશ્ચાદ્ભૂમાં અદશ્ય વેદનાનું વિશ્વ રહેલું છે; કોઈ મહાસર્જકની પ્રતિભા જ તે જીરવી શકે. મહાન સર્જકો આમ જીવનમંથનમાંથી નીકળતા વિષનું પોતે પાન કરે છે અને જગતને તો અમૃતનું દાન કરે છે :

*જીવનમંથન વિષ નિજે કરિ પાન*
*અમૃત ઊઠે છિલો, કરિ ગેછો દાન.*

■